

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૯૯ ૮ જાન્યુઆરી, ૨૦૧૩, મંગળવાર; માગશર વદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજથી વાઈબ્રન્ટ ગાંધીનગર-વાઈબ્રન્ટ ગુજરાત

## વાઈબ્રન્ટનો ઐતિહાસિક નઝારો ટોક ઓફ ધ ટાઉન : વાઈબ્રન્ટની ઈવેન્ટ્સને લઈ નગરમાં ઉત્તેજનાનો માહોલ છવાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના આંગણે વાઈબ્રન્ટ સમિટને લઈ ઐતિહાસિક નઝારો જોવા મળી રહ્યો છે. વાઈબ્રન્ટના ઓવારણા લેવા ઓલમોસ્ટ તૈયારી થઈ ચુકી છે. સમગ્ર શહેરને વાઈબ્રન્ટ લૂક આપવા તંત્રએ પણ કોઈ પાછી પાની કરી નથી. ત્યારે વાઈબ્રન્ટ સમિટની ઐતિહાસિક ઈવેન્ટને લઈ નગરજનોમાં પણ અનોખો ઉત્સાહ અને થનગનાટ જોવા મળે છે. વાઈબ્રન્ટના આ મિજાજનો અનુભવવા નગરજનો પણ ઉત્સુક બન્યા છે. વાઈબ્રન્ટ લૂકમાં નિખરતા નગરનો નઝારો માણવા અને જાણવા ક્યાં શુ થયું છે અને શું ચાલી રહ્યું છે તે જોવા અને માણવા શહેરીજનો અધીરા બન્યા છે. આજથી શરૂ થનારા વાઈબ્રન્ટ પ્રદર્શનમાં પણ અનેરૂ આકર્ષણો ઉભા કર્યા હોવાથી શહેરમાં વાઈબ્રન્ટ ફીવર છવાયો છે. અલબત્ત વાઈબ્રન્ટની ગતિવિધિઓ હાલ 'ટોક ઓફ ધ ટાઉન' બની છે. આડા દિવસોમાં શાંત ભાસતા શહેરમાં વાઈબ્રન્ટ સમિટને લઈ અનોખી ચેતના જાગૃત થઈ છે.

વાઈબ્રન્ટ સમિટના સામિયાણા બંધાતા ગાંધીનગર એકાએક ધબકતું થઈ ગયું છે. સમગ્ર શહેર વાઈબ્રન્ટના રંગે રંગાતા માનવ નજારો સર્જાયો છે. છેલ્લા ૧૫ દિવસથી વાઈબ્રન્ટની તૈયારીમાં ગળાડૂબ તંત્ર હજુ પણ આખરી તબક્કાની કામગીરીમાં વ્યસ્ત છે. મહાત્મા મંદિર ખાતે યોજાનારી વાઈબ્રન્ટ સમિટ તેમજ હેલીપેડ મેદાનમાં યોજાનારા ભવ્ય ઔદ્યોગિક પ્રદર્શનને નિહાળવા

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્યમંત્રી અને મહાનુભાવો ગોલ્ફકારમાં સભાખંડ ખાતે પહોંચશે


### પ્રથમ રિબિન કાપી પ્રદર્શન ખુલ્લુ મુકશે એ બાદ તક્તીનું અનાવરણ થશે અને ઉદ્યોગકારોને સંબોધશે

ગાંધીનગર, તા. ૭


વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ના મેગા એક્ઝીબેશનના ઉદ્‌ઘાટન સ્થળે પહોંચવા માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તથા શ્રીમતિ રીટા મેનન ગોલ્ફકારમાં સભા સ્થળે પહોંચશે.

વાયબ્રન્ટ સમીટના આ વિશાળ પ્રદર્શનનું પ્રથમ રિબિન કાપી

● અનુસંધાન પાન-૭ પર







## દેશ-વિદેશના હજ્જારો પત્રકારો ગાંધીનગરના મહેમાન બનશે

ગાંધીનગર, તા.૭

વાઈબ્રન્ટ સમિટ અને ગ્લોબલ ટ્રેડ પેરના મેગા કાર્યક્રમનું કવરેજ કરવા દેશ વિદેશના હજ્જારો પત્રકારોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વિવિધ દેશોના ડેલીગેટસ સાથે પત્રકારોનો મોટો કાફલો ગાંધીનગરના મહેમાન બનશે.

ગુજરાતને આંતરરાષ્ટ્રીય સ્તરે ગ્લોબલ ટ્રેડ સેન્ટર તરીકે પ્રસ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ થઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને ટ્રેડ પેરમાં સૌથી વધુ દેશોના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત દેશના ૨૨ રાજયોના પ્રતિનિધિઓ પણ તેમાં હાજર રહેશે. જયારે આટલું મોટું આયોજન છે ત્યારે તેના કવરેજમાં પત્રકારોને વિશેષ રસ હોય તે સમજી શકાય છે. વળી વિધાનસભાની ચુંટણીઓમાં જવલંત વિજય મેળવ્યા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પી.એમ. પદના દાવેદાર તરીકે જોવામાં આવી રહ્યા છે ત્યારે આ સમિટમાં આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય મિડિયાને ખુબ રસ છે. દેશ વિદેશના હજ્જારો પત્રકારો આ સમિટમાં જોડાવવા માટે અને તેનું કવરેજ કરવા માટે થનગની રહ્યા છે. વિદેશના ડેલીગેટસ સાથે આવતા પત્રકારો માટે તો લાલ જાજમ બીછાવવામાં આવી છે.



## સૌ પ્રથમવાર પાટનગરમાં ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ

વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત યોજાઈ રહેલા એકઝીબીશનને નિહાળવા માટે આજે જાહેર જનતાની એન્ટ્રી પ્રોહીબીટેડ હોવા છતાંય ગેઈટ પાસે



ગાડીઓની લાંબી કતારો લાગી હોવા ઉપરાંત ટ્રાફીક જામ થઈજવા પામ્યો હતો. શહેરના 'ખ' અને 'ગ' માર્ગને ડાયવર્ઝન આપીને ટ્રાફીકને ડાયવર્ટ કરી દેવાતા 'ઘ' અને 'ચ' માર્ગ પર ટ્રાફીકનો ધસારો જોવા મળ્યો હતો તે ઉપરાંત ઘ-૪ પાસે રસ્તો બનાવાનું કામ ચાલુ હોવાથી આ માર્ગને પણ ડાયવર્ટ કરી દેવામાં આવતા ગાંધનગરમાં સૌ પ્રથમ વાર ભારે ટ્રાફીક જામની સ્થિતિ સર્જાવા પામી હતી.

## દેશના કોંગ્રેસ શાસિત રાજ્યો પણ વાયબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેશે

### રાજસ્થાન ,મહારાષ્ટ્ર સહિતના ૨૨ રાજ્યોના ૫૦,૦૦૦ અને ૧૦૫ દેશોના ૧૮૦૦ વિદેશી ડેલિગેટ્સ ગુજરાતના મહેમાન

**(વિશેષ પ્રતિનિધિ)** ગાંધીનગર,તા.૭

ગુજરાતની ચૂંટણી જીત્યા પછી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો ગ્રાન્ડ શો કરી શકાય તેવા વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં દેશભરમાંથી ૫૦ હજાર અને વિદેશોમાંથી ૧૮૦૦ જેટલા ડેલિગેટ્સ ગુજરાતના મહેમાન બનશે. દેશના ૨૨ રાજ્યો અને ૧૦૫ દેશોએ સમિટમાં આવવાની તૈયારી બતાવી છે.



ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ મહેશ્વર શાહુએ જણાવ્યું હતું કે છઠ્ઠી સમિટ નોલેજ શેરીંગ માટે વિશ્વને સૌથી મોટુ પ્લેટફોર્મ પુરૂં પાડી રહી છે. જમ્મુ-કાશ્મિર અને પૂર્વોત્તર રાજ્યોના બાદ કરતાં દેશના ૨૨ રાજ્યોના ડેલિગેટ્સ આ સમિટમાં ઉપસ્થિત રહેવાના છે, જેમાં રાજસ્થાન અને મહારાષ્ટ્ર સહિતના કોંગ્રેસ શાસિત રાજ્યો પણ છે.



વાયબ્રન્ટના શો માં ડિપ્લોમેટ્સ, ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો અને વિચારકો સામેલ થઈને ઈનોવેશન, વિકાસના સાતત્ય, યુવા કૌશલ્ય વિકાસ, નોલેજ શેરીંગ અને નેટવર્કિંગ જેવા વિષયો ઉપર પરામર્શ કરી એક નવું સિમાચિન્હ સ્થાપશે.

શાહુએ કહ્યું હતું કે કેનેડા, જાપાન, અમેરિકા, બ્રિટન અને યુએઈના સિનિયર બિઝનેસ લિડર્સ અને ડિપ્લોમેટ્સનો સમાવેશ આ વખતે કરવામાં આવ્યો છે. એ ઉપરાંત સ્વિડન, ઈટલી, ફીનલેન્ડ, સિંગાપુર, ચાઈના, તાઈવાન, બેલ્જીયમ, સોમાલીયા, ડેનમાર્ક, નેધરલેન્ડ, ઈઝરાયલ, પોલેન્ડ, રશિયા, મોરોક્કો, નાઈજીરીયા, અલ્જીરીયા, થાઈલેન્ડ અને યુનાન જેવા દેશો ગુજરાતના પ્રતિનિધિ બનશે તે જોતાં એવું લાગે છે કે આ સમિટ દેશ અને વિશ્વના વિકાસ માટે વ્યૂહાત્મક ભાગીદારી સ્થાપવાનો આત્મવિશ્વાસ ઉભો કરશે.

ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવે કહ્યું હતું કે સરકાર જેની ઉપર વધારે ભાર મૂકી રહી છે તે જ્ઞાન આધારિત ભાગીદારી વિષય ઉપર વિશેષ ઝોક દાખવવાના હેતુથી જે તે સોકટરમાં નિપુણતા ધરાવતા દેશો સાથે પાર્ટનરશીપ માટે વિવિધ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન એકેડેમિક ઈન્સ્ટિટ્યુશન દ્વારા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એજ્યુકેશન, બ્રિટીશ કાઉન્સિલ અને વર્લ્ડબેન્ક સાથે સહયોગ કરવામાં આવ્યો છે.ગ્રીન અને કાર્યક્ષમ વોટર મેનેજમેન્ટ માટે રોયલ ડેનિસ એમ્બસી સાથે તથા પર્યાવરણના સાતત્ય માટેના ટેકનોલોજી સોલ્યુશન માટે ગવર્નમેન્ટ ઓફ વિક્ટોરિટા, ઓસ્ટ્રેલિયા સાથે, ગ્રીન ઈનોવેશન્સ માટે ભારત સરકારના આયોજન પંચ, એશિયન ડેવલપમેન્ટ બેન્ક, ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન સાથે, બંદરો અને બંદરો આધારિત પ્રવૃત્તિ માટે નેધરલેન્ડ સાથે તથા ભારતમાં સ્માર્ટ સિટીના વિકાસ માટે જાપાનનો સહયોગ લેવામાં આવ્યો છે.

આવતીકાલથી શરૂ થઈ રહેલા ગ્લોબલ ટ્રેડ શો માં ૧૪ દેશોની ૧૦૦૦ કરતાં વધુ કંપનીઓએ તેમની ૨૫૦૦૦ જેટલી પ્રોડક્ટ્સને એક્ઝિબિશનમાં મૂકી છે.

### ભારત અને વિશ્વના વિકાસ માટે ગુજરાત રાજ્ય એક મજબૂત પ્લેટફોર્મ ઉભું કરી રહ્યું છે : ઉદ્યોગ અગ્રસચિવ

## ગાંધીનગર રાત-દિવસ ધમધમે છે

ગાંધીનગર, તા.૭

કાતિલ ઠંડી એ જનજીવનને ભારે અસર કરી છે. પરંતુ વાયબ્રન્ટ ગુજરાત સમિટ અને ટ્રેડ ફેરની તૈયારીઓમાં રોકાયેલા અધિકારીઓ અને કંપનીનો સ્ટાફ ઠંડીની પરવા કર્યા વિના રાત દિવસ કામમાં જોતરાયેલા છે. હેલીપેડના મેદાનમાં વિશાળ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા બે મહિનાથી તેની તૈયારીઓ ચાલી રહી છે. પ્રદર્શનમાં દેશ વિદેશની વિવિધ કંપનીઓ ભાગ લઈ રહી હોવાથી કંપનીના અધિકારીઓ અને સ્ટાફની અવરજવર છેલ્લા અઠવાડિયાથી ખુબ વધી ગઈ છે. આ ઉપરાંત સરકારી અધિકારીઓ અને કર્મચારીઓનો મોટો કાફલો પણ તેમાં રોકાયેલો છે. પ્રદર્શનના સ્થળ ઉપરાંત સમિટ જયાં યોજાવવાની છે તે મહાત્મા મંદિરની સાઈટ પર છેલ્લા ઘણા દિવસોથી ૨૪ કલાક કામ ચાલી રહ્યું છે. પ્રદર્શને લગતા માલસામાન ઉપરાંત અન્ય મશીનરીઓ, ડેકોરેશનની ચીજવસ્તુઓની અવરવજર કરતી ગાડીઓ દિવસ-રાત શહેરમાંથી પસાર થઈ રહી છે. પ્રદર્શનના સ્થળથી મહાત્મા મંદિર સુધીના માર્ગને શણગારવાનું કામ છેલ્લા કેટલાય દિવસોથી ચાલી રહ્યું છે. ગાંધીગાર્ડનને રોશનીથી સજાવવામાં આવ્યું છે.



## આખુ શહેર ચોખ્ખુ-ચણાક બની રહ્યું છે

ગાંધીનગર, તા. ૭

દુલ્હનને જેમ સજાવવામાં આવે તેમ ગાંધીનગર છેલ્લા કેટલાય દિવસોથી સાજ-શણગાર સજી રહ્યું છે. મુખ્ય માર્ગો નવા બનાવાયા છે અને સાફ-સફાઈની ઝુંબેશને તેજ બનાવવામાં આવી છે.

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાઈબ્રન્ટ સમિટ અને મેગા ટ્રેડ ફેરના પગલે ગાંધીનગર શહેર નવા સાજ-શણગાર સજી રહ્યું છે. નગરના મુખ્ય માર્ગો પર ડામર પાથરી નવા જેવા બનાવી દેવાયા છે. આ ઉપરાંત સેક્ટરોના આંતરિક માર્ગો પર પણ પેરવરીંગ કામ ચાલી રહ્યું છે. માર્ગોની આજુબાજુ ક્યાંય કચરો ન રહે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. સાફ-સફાઈ માટેની ખાસ ટીમો શહેરમાં ઉતારવામાં આવી છે. તુટેલા સર્કલો અને માર્ગોનું રીપેરીંગ કાર્ય પુર્ણ કરાયું છે. રંગરોગાન સહિતના આખરી ટચનું કામ ચાલી રહ્યું છે. માર્ગો પર સફેદ પટ્ટા અને રીફલેક્ટર્સ લગાવવામાં આવી રહ્યા છે. સ્ટ્રીટલાઈટના બંધ પડેલા બલ્બ અને ટ્યુબલાઈટો રાતોરાત બદલી નાંખવામાં આવી છે. આખા શહેરને જાણે ડસ્ટ ફ્રી બનાવવાની ઝુંબેશ ચાલી રહી છે.